આંગણવાડી ખાતે લાભાર્થીઓ સાથે ગ્રામજનોના સહભાગથી સમુદાય આધારિત પ્રવૃત્તિઓ (Community Based Events) ના આયોજનના ભાગરૂપે ચાર મંગળવાર (દર મહિને) મંગળ દિવસની ઉજવણી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૧૫૧૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૧ -૧-૨૦૧૯

વંચાણે લિધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ નો તા.૧૩-૮-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૧૫૧૩/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ નો તા.૧૯-૯-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૫૮૨/બ

આમુખ:

સંદર્ભ-(૧) મુજબ મંગળ દિવસની ઉજવણી અંતર્ગત ચોથો મંગળવાર અન્ન વિતરણ અને પુર્ણા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અન્વયે કુલ રૂ.૨૦૦.૦૦ પ્રતિ માસ ખર્ચ કરવાનું સુચવેલ છે. જેમાંથી રૂ.૧૦૦.૦૦ નો ખર્ચ SAG યોજના અને રૂ.૧૦૦.૦૦ નો ખર્ચ PURNA યોજનાની નોન-ન્યૂટ્રીશન ક્મ્પોનન્ટની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનું ઠરાવેલ હતું.

સંદર્ભ-(૨) મુજબ પૂર્ણા દિવસની ઉજવણી માટે દર મહિનાના ચોથા મંગળવારે રૂ.૧૪૦.૦૦ ના ખર્ચની જોગવાઇ કરવામાં આવી છે. જો SAG યોજનામાંથી રૂ.૬૦.૦૦ ની જોગવાઇ કરવામાં આવે તો દર મહિને ચોથા મંગળવારે પ્રતિ આંગણવાડી દીઠ કુલ રૂ.૨૦૦.૦૦ ની જોગવાઇ થાય.

સુધારા ઠરાવ:

પૂર્ણા દિવસની ઉજવણી માટે દર મહિનાના ચોથા મંગળવારે આંગણવાડી દીઠ થતા ખર્ચમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | મંગળવાર | મંગળ દિવસ ઉજવણીની વિગત | લાભાર્થી અને હેતુ | નાણાકીય જોગવાઈ અને સદર |
|---|---|---|---|---|
| ૪ | ચોથો મંગળવાર | અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ | • તમામ લાભાર્થીને અન્ન વિતરણ<br>• કિશોરીઓ માટ આરોગ્ય અને પોષણ શિક્ષણ | • કુલ રૂ.૨૦૦.૦૦ પ્રતિ માસ<br>• ઉપરોક્ત પૈકી રૂ. ૬૦.૦૦ નો ખર્ચ SAG યોજનાની નોન-ન્યૂટ્રીશન કમ્પોનન્ટની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.<br>• તેમજ રૂ. ૧૪૦.૦૦ નો ખર્ચ PURNA યોજનાની નોન-ન્યૂટ્રીશન કમ્પોનન્ટની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. |

મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૩-૮-૨૦૧૮ ના સમાનાંકી ઠરાવની બાકીની તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૪. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સહિવાલય,ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૮. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૯. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
૧૦. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
૧૧. સિલેક્ટ ફાઇલ